# સુંદર સ્વર્ણપુરીમાં પધારિયા રે..

સુંદર સ્વર્ણપુરીમાં પધારિયા રે..

આજે આનંદ મંગળ વરસી રહ્યા રે...

મંગળ યાત્રા કરી ગુરુદેવે રે....સુંદર..

આજે સોનેરી સૂરજ ઉગિયો રે..

સુંદર સોહી રહ્યા સ્વર્ણધામ..કે

સોનેરી સદ્-ગુરુદેવ પધારિયા રે..

રત્નો-પુષ્પોથી ગુરુદેવ વધાવીએ રે..

ભક્તિ ભાવે પૂજું ગુરુ પાય કે.. સોનેરી...

ગુરુદેવ બાહુબલી યાત્રા પધારિયા રે..

સાથે સેવક સંઘ અપાર કે.. સોનેરી...

ગુરુદેવ દક્ષિણ યાત્રા પધારિયા રે..

સાથે સેવક સંઘ અપાર કે.. સોનેરી...આજે..

ભારતમાં ધર્મધ્વજ ફરકાવીયા રે..

સાચો બતાવ્યો મુક્તિના રાહ કે.. સોનેરી...

ભારતમાં અદ્વિતીય અવતાર છો કે..

જેની જોડ નહીં જગમાંય કે.. સોનેરી...

દેશોદેશના સજ્જનો વધાવતાં રે..

ગુરુજીના સ્વાગત અપૂર્વ થાય કે.. સોનેરી...

અદ્-ભૂત જ્ઞાન વૈરાગે ગુરુ શોભતા રે..

અનુપમ વાણીમાં આશ્ચર્ય અપાર કે.. સોનેરી...

દિવ્ય-વાણી બતાવે શિવપંથ કે.. સોનેરી...

ગુરુજી સંઘ સહિત બહુ વિચર્યા રે..

બહુ બહુ દેશ વિદેશ ગુરુ વિચર્યા રે..

બહુ બહુ યાત્રા કરાવી ગુરુદેવ કે.. સોનેરી...

આજે આનંદ મંગળ વરસી રહ્યા રે...

જિનવર પૂજન અપૂર્વ ગુરુદેવના રે..

જિનવર પૂજન ગુરુદેવના શોભતા રે..

અપૂર્વ ભક્તિ કરાવી ગુરુદેવે કે.. સોનેરી...

જિનવર અભિષેક ગુરુદેવના શોભતા રે..

અંતર ઉછળી ઉછળી જાય રે.. કે.. સોનેરી...

મંગળ યાત્રા કરી ગુરુદેવે કે.. સોનેરી...

અપૂર્વ યાત્રા કરી ગુરુ સાથમાં રે..

ભારતના મહાપ્રભાવી સંત કે.. સોનેરી...

આજે યાત્રા કરીને પધારિયા રે..

સુંદર સ્વર્ણપુરી મોઝાર કે.. સોનેરી...

દેવ-દેવેન્દ્રો પુષ્પે વધાવતાં રે,,

અમી-દ્રષ્ટિ કરે કુંદદેવ રે.. કે.. સોનેરી...

અમી-દ્રષ્ટિ કરે જિનદેવ રે.. કે.. સોનેરી...

ગગને દેવ દુદુંભી વાગતાં રે..

ઘેર ઘેર આનંદ મંગળ આજ રે.. કે.. સોનેરી...

ધજા મંડપ દુદુંભી સ્વાગત કરે રે..

આવો પધારો સ્વર્ણના નાથ રે.. કે.. સોનેરી...

શા શા સ્વાગત કરું ગુરુદેવના રે..

આજે હીરલે વધાવું ગુરુદેવ.. કે.. સોનેરી...

ઘેર ઘેર સ્વાગત બંસરી બજી રહી રે..

આજે અંતર ઉછળી જાય.. કે.. સોનેરી...

આજે અમૃત વર્ષા થાય કે.. કે.. સોનેરી...

નિશદિન તુજ ચરણોની સેવ.. કે.. સોનેરી...

સુંદર સ્વર્ણપુરીમાં પધારિયા રે..

આજે આનંદ મંગળ વરસી રહ્યા રે...

મંગળ યાત્રા કરી ગુરુદેવે રે....સુંદર..

આજે સોનેરી સૂરજ ઉગિયો રે..

સુંદર સોહી રહ્યા સ્વર્ણધામ..કે

સોનેરી સદ્-ગુરુદેવ પધારિયા રે..

* * *